ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૧ તા ૦૨.૦૨.૨૦૧૯

----------------

ઉંઝાના ધારાસભ્ય શ્રીમતી ડૉ. આશાબેન પટેલને કોંગ્રેસના ધારાસભ્ય પદેથી રાજીનામું આપવા અંગેના હિંમતભર્યા નિર્ણયને આવકાર આપતા ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણી

----------------

નેતૃત્વવિહિન કોંગ્રેસે સાંઠગાંઠવાળી રાજનીતિથી લોકોને લલચાવ્યા અને ફોસલાવ્યા તથા જ્ઞાતિજાતિના નામે ભલીભોળી પ્રજા વચ્ચે લડાઇઓ કરાવી છે ત્યારે શ્રીમતી ડૉ. આશાબેન પટેલના નિર્ણયથી કોંગ્રેસની આ નકારાત્મક રાજનીતિ આજે ફરી એકવાર ખુલ્લી પડી ગઇ છે - શ્રી જીતુભાઇ વાઘાણી

----------------

કોંગ્રેસના આંતરકલહ, ઝગડાઓ અને વર્ચસ્વની લડાઇ તેમજ આંતરિક જૂથવાદ તથા પ્રજાનો વિશ્વાસ ગુમાવી ચૂકેલી કોંગ્રેસ પર હવે તેનાં જ કાર્યકરો અને ધારાસભ્યોને ભરોસો નથી, જે શ્રીમતી ડૉ. આશાબેન પટેલના પત્રની વિગતોથી સ્પષ્ટ થઇ ગયુ છે - શ્રી જીતુભાઇ વાઘાણી

----------------

શ્રીમાન રાહુલ ગાંધીના નિષ્ફળ નેતૃત્વમાં કોંગ્રેસમાં જૂથવાદ, કકળાટ અને આંતરિક વિખવાદ ચરમસીમાએ પહોચી ગયો છે - શ્રી જીતુભાઇ વાઘાણી

----------------

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં દેશ વિકાસના નવા શિખરો સર કરી રહ્યો છે, મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલના નેતૃત્વમાં ગુજરાત વિકાસની હરણફાળ ભરી રહ્યુ છે ત્યારે વિકાસલક્ષી-રાષ્ટ્રવાદી વિચારધારા સાથે જોડાવા માંગતા સૌ કોઇનું સ્વાગત છે - શ્રી જીતુભાઇ વાઘાણી

----------------

પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણીએ ઉંઝાના ધારાસભ્ય શ્રીમતી ડૉ. આશાબેન પટેલે કોંગ્રેસમાંથી આપેલા રાજીનામા અંગે પ્રતિક્રિયા આપતા જણાવ્યુ હતુ કે, કોંગ્રેસના ધારાસભ્યપદ પરથી રાજીનામું આપવા અંગેના શ્રીમતી ડૉ. આશાબેન પટેલના હિંમતભર્યા નિર્ણયને અમે આવકારીએ છીએ. નેતૃત્વવિહિન કોંગ્રેસે સાંઠગાંઠવાળી રાજનીતિમાં લોકોને લલચાવ્યા અને ફોસલાવ્યા છે. જ્ઞાતિજાતિના નામે ભલીભોળી પ્રજા વચ્ચે હંમેશા લડાઇઓ કરાવી છે, શ્રીમતી ડૉ. આશાબેન પટેલના નિર્ણયથી કોંગ્રેસની આ નકારાત્મક રાજનીતિ આજે ફરી એકવાર ખુલ્લી પડી છે.

શ્રી વાઘાણીએ જણાવ્યુ હતુ કે, કોંગ્રેસની નેતાગીરીના આંતરકલહ, ઝગડાઓ અને વર્ચસ્વની લડાઇ તેમજ આંતરિક જૂથવાદથી કંટાળીને ડૉ. આશાબેન પટેલે ધારાસભ્ય પદેથી રાજીનામુ આપ્યુ છે. પ્રજાનો વિશ્વાસ ગુમાવી ચૂકેલી કોંગ્રેસ પર હવે તેનાં જ કાર્યકરો અને ધારાસભ્યોને ભરોસો નથી, જે ડૉ. આશાબેન પટેલના પત્રની વિગતોમાં સ્પષ્ટ થઇ

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org



જાય છે. માત્ર શ્રીમતી ડૉ. આશાબેન જ નહીં પરંતુ કોંગ્રેસના અનેક ધારાસભ્યો કોંગ્રેસના જૂથવાદ અને પરિવારવાદથી કંટાળી ગયા છે, તેથી જ કોંગ્રેસના એક પછી એક ધારાસભ્યો રાજીનામા આપી રહ્યા છે.

શ્રી વાઘાણીએ જણાવ્યુ હતુ કે, ભાજપાના લાખો કાર્યકરો, આગેવાનો તથા ધારાસભ્યો ૩૬૫ દિવસ પ્રજાસેવામાં વ્યસ્ત હોય છે ત્યારે કોંગ્રેસના નેતાઓ આંતરિક લડાઇ-ઝગડાઓમાં જ વ્યસ્ત હોય છે. કોંગ્રેસની વિકાસ વિરોધી તથા ગુજરાત વિરોધી નીતિના કારણે તેને પ્રજાનું સમર્થન નથી તે ગુજરાત વિધાનસભાની ગત ચૂંટણીમાં થયેલા ભાજપાના ભવ્ય વિજય સાથે જ સાબિત થઇ ચૂક્યુ છે.

શ્રી વાઘાણીએ જણાવ્યુ હતુ કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ ૧૦ ટકા સવર્ણ અનામત આપીને તમામ વર્ગો તથા સમાજોને ન્યાય આપવાના પ્રયત્નો કર્યા છે ત્યારે, કોંગ્રેસ જ્ઞાતિજાતિ અને ધર્મના નામે જનતાને લડાવી-ઝગડાવી તથા ગેરમાર્ગે દોરી રહી છે. શ્રીમાન રાહુલ ગાંધીના નિષ્ફળ નેતૃત્વમાં કોંગ્રેસમાં જૂથવાદ, કકળાટ અને આંતરિક વિખવાદ ચરમસીમાએ પહોચી ગયો છે. કોંગ્રેસે પોતાને અરીસામાં જોઇ લેવુ જોઇએ.

પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં દેશ વિકાસના નવા શિખરો સર કરી રહ્યો છે. અનેકવિધ જનકલ્યાણકારી યોજનાઓ દ્વારા ગામ, ગરીબ, ખેડુત, દલિત, આદિવાસી, યુવા તેમજ મહિલા સહિત સમાજના તમામ જ્ઞાતિજાતિ સમુદાયોનો સર્વાંગી વિકાસ થઇ રહ્યો છે. મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલના નેતૃત્વમાં ગુજરાત વિકાસની હરણફાળ ભરી રહ્યુ છે ત્યારે વિકાસલક્ષી-રાષ્ટ્રવાદી વિચારધારા સાથે જોડાવા માંગતા સૌનું સ્વાગત છે તેમ શ્રી વાઘાણીએ અંતમાં જણાવ્યુ હતુ.

(ડૉ. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૨ તા ૦૨.૦૨.૨૦૧૯

----------------

**આવતીકાલે ગાંધીનગર ખાતે પ્રદેશ ભાજપાનું ચાર લોકસભા બેઠકનું ક્લસ્ટર સંમેલન**

----------------

**અમદાવાદ પૂર્વ, અમદાવાદ પશ્ચિમ, ગાંધીનગર અને સાબરકાંઠાના કાર્યકર્તાઓ રહેશે ઉપસ્થિત**

----------------

**પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણી, મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સહિત પ્રદેશના આગેવાનો રહેશે ઉપસ્થિત**

----------------

પ્રદેશ ભાજપા મીડિયા સેલની એક અખબારી યાદી જણાવે છે કે, આવતીકાલે તારીખ ૩ ફેબ્રુઆરી, ૨૦૧૯ રવિવારના રોજ પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણીની અધ્યક્ષતામાં અને મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી, સંગઠન મહામંત્રીશ્રી ભીખુભાઇ દલસાણીયાની ઉપસ્થિતિમાં અમદાવાદ પૂર્વ, અમદાવાદ પશ્ચિમ, ગાંધીનગર તથા સાબરકાંઠા એમ, ચાર લોકસભા બેઠકનું **"ક્લસ્ટર સંમેલન"** યોજાશે.

ગાંધીનગરના સેકટર-૧૬માં આવેલ રંગમંચ ખાતે બપોરે ૩.૦૦ કલાકે કેન્દ્રિય યોજના મુજબ યોજાનારા આ ક્લસ્ટર સંમેલનમાં ચાર લોકસભા મતવિસ્તારના લોકસભા સીટના પ્રભારી, ઈન્ચાર્જ-સહઈન્ચાર્જશ્રીઓ, મંડલ પદાધિકારી તથા મંડલસઃ પ્રદેશ સીટના પદાધિકારીઓ, સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી લડેલા ઉમેદવારશ્રીઓ, મંડલ મોરચાના પ્રમુખ-મહામંત્રીશ્રીઓ, શક્તિકેન્દ્રના ઈન્ચાર્જ-પ્રભારીશ્રીઓ, બોર્ડ-નિગમના પદાધિકારીઓ તથા પૂર્વ સાંસદ-ધારાસભ્યશ્રીઓ સહિત મોટી સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહેશે જેને પ્રદેશ આગેવાનો આગામી લોકસભા ચૂંટણીના સંદર્ભમાં માર્ગદર્શન આપશે.

(ડૉ. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ